www.kamalamgujarat.com

Saturday
21.11.2020

✳Volume :5 ✳ Issue No. 97

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)





ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# અમદાવાદમાં તકેદારીના ભાગરૂપે કર્ફ્યૂ લગાવાયો છે, લોકો માસ્ક પહેરે : રૂપાણી

## અમદાવાદમાં કર્ફ્યૂ જાહેરાત સાથે જ લોકોની ભીડ ચારેબાજુ ઉમટી, કોરોના વિસ્ફોટ થવાની શક્યતા, સરકારે ૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો ખોલવાનો નિર્ણય મોકૂફ રાખ્યો

કમલમ દૈનિક, ગાંધીનગર,

કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે અમદાવાદમાં તકેદારી રૂપે શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે કફર્યુ લગાવવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ અમદાવાદમાં કરફ્યુ લંબાશે તેવી દહેશતે ખરીદી માટે લોકોની ભીડ દેખાઈ રહી છે. બીજી બાજુ લોકોમુખે એવી ચર્ચા થઈ રહી છે કે અમદાવાદ બાદ સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનો કફર્યુ લાદવામાં આવશે.આમામલેમુખ્યમંત્રીરૂપાણીએ સ્પષ્ટતાકરી કે ગુજરાતમાં લોકડાઉન લાગુ નહી થાય, માત્ર વિકેન્ડ કરફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં તકેદારીના ભાગરૂપે વીક એન્ડમાં કરફ્યુ લાદ્યાનુ નિવેદન આપ્યુ છે. મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામઅંબાજીખાતેભક્તિભાવપૂર્વક આદ્યશક્તિ મા અંબેના દર્શન અને પૂજા અર્ચના નૂતન વર્ષ માં આજે કર્યા હતા. અંબાજીમાં મા અંબાના દર્શન બાદ તેમણે પત્રકારો સાથે વાત કરી હતી. તેમણે કહ્યુ કે કોરોના સામે લડવા માટે સરકાર સજ્જ છે. સાથે



જ લોકોને સાવચેત રહેવાની પણ અપીલ કરાઈ હતી. તો શાળાઓ શરૂ કરવાના મુદ્દે કહ્યુ હતુ કે આગામી બેઠકમાં હવે શાળાઓ ક્યારે શરૂ કરવી તેનો નિર્ણય લેવાશે. રાજયમા કોરોનાનુ સંક્રમણ વધ્યાનો તેમણે સ્વીકાર કર્યો હતો. અમદાવાદમાં શનિવાર અને રવિવારે લાગનારા ૫૭ કલાકનો કર્ફ્યૂ માત્ર અમદાવાદ શહેર પૂરતો જ છે.

રાજયના અન્ય તમામ શહેરોમાં રાબેતા મુજબ કાર્ય ચાલુ રહેશે. સતત ફેલાતા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે સરકારે આ નિર્ણય લીધો છે. નોંધનીય છે કે દિવાળી દરમિયાન ખરીદી વખતે લોકોની બેદરકારી, કોરોના જેવું કંઇ છે નહીં તેવી અનેક લોકોની બેજવાબદાર માનસિક્તાને પગલે ગુજરાતમાં કોરોના વાયરસે માથું ઉંચક્યું છે અને દિવસેને દિવસે ચિંતાજનક સ્થિતી સર્જાઇ રહી છે. તહેવાર પછી ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે રાજ્ય સરકાર દ્વારા કોરાના વાયરસના સંક્રમણને અટકાવવા અનેક નિર્ણયો કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં આગામી તારીખ ૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે શાળાઓ-કૉલેજોને બંધ રાખવાનો નિર્ણય હાલની સ્થિતિને જોતા કર્યો છે. આગામી બેઠકમાં સમીક્ષા કરીને આગળની જાહેરાત કરીશું. બીજી તરફ રવિવારે સીએની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની ચિંતા વધી છે. લોકડાઉનને કારણે વિદ્યાર્થીઓની પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય સરકારે કર્યો છે. ૪૦૦ સેન્ટર પરથી ૪.૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા.

# નવાનગર નેચર કલબ દ્વારા આયોજીત ઓનલાઈન પ્રકૃતિ રંગોળી સ્પર્ધાના

## વિજેતાઓને રાજયમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ઈનામ વિતરણ તથા સન્માન સમારોહ યોજાયો









કમલમ દૈનિક, જામનગર

પ્રકૃતિ સાથે જોડાયેલ આપણી બેનમુન સંસ્કૃતિમાં લોકો પોતાની કળા મનોભાવ અને શ્રદ્ધાને રંગોળીમાં કલાત્મકતાથી રંગો પૂરી વ્યક્ત કરતા આવ્યા છે. જામનગરની નવાનગર નેચર કલબ પર્યાવરણ સંરક્ષણ માટેના નવતર પ્રયોગો માટે સમગ્ર ગુજરાતમાં ખુબજ પ્રસિદ્ધ છે.(સંસ્થાની પ્રવૃત્તિઆ **www.nncgreen.org** ઉપર જોઈ શકો છો). લોકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે નવાનગર નેચર કલબ અવનવા કાર્યક્રમો યોજતી રહે છે.જેના ભાગરૂપે આ સંસ્થા જામનગર મહાનગરપાલિકાના સહયોગથી દર વર્ષે લાખોટા તળાવ ઉપર ઓપન જામનગર પ્રકૃતિ રંગોળી સ્પર્ધાનું આયોજન કરે છે.આ વર્ષે કોરોના મહામારીના કારણે આ પ્રકૃતિ રંગોળી સ્પર્ધાનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું.શહેરના રંગોળીના કલાકારોને યોગ્ય પ્રત્સાહન મળે તેમજ તેમની અંદર રહેલ પ્રકૃતિ પ્રેમ કળા,મનોભાવ કલાત્મક રંગો પૂરી વ્યક્ત કરે તે ઉદેશથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં આશરે ૭૫જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને તમામ લોકોએ બનાવેલ રંગોળીના ફોટા નિયમ અનુસાર સંસ્થાના વોટ્સએપ નંબર ઉપર સેન્ડ કર્યા હતા જેનું આજ રોજ નિર્ણાયકો દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ગૃપ ''એ''માં (૧) એકતા? મગનભાઈ ભારદીયા, (૨) ઊર્વી પ્રમોદભાઈ ઘોરેચા, (૩) વાડોદરીયા દીપેન જમનભાઈકોન્સલેશન (૧) પૃથા શાંતિલાલ મોરસાણિયા, કોન્સલેશન (૨) જેઠવા મેઘા પ્રમોદભાઈ તથા ગૃપ ''બી''માં (૧) રિધ્ધિ શેઠ, (૨) કુંભારાણા સન્ની એ., (૩)પૂનમ મિલન કનખરા, કોન્સલેશન (૧) નીકીતા અંકીત સાંગાણી, કોન્સલેશન (૨) ચાંદની જીગર તન્ના વિજેતા થયા હતાં. સ્પર્ધામાં વિજેતાઓને રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના વરદ હસ્તે પુરસ્કાર તથા પ્રમાણ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે જાણીતા આર્ટિસ્ટ મિત્તલ ગિરિચા ગાથા ઉમેશભાઈ થાનકી તેમજ ચંદ્રવીજયસિંહ રાણાએ સેવા આપી હતી. સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે માત્ર વિજેતાઓને રાજ્યમંત્રીશ્રીએ પોતાના નિવાસસ્થાને બોલાવી સન્માનિત કર્યા હતા.

# અમદાવાદમાં આજ રાત્રે ૯થી એસટી બસના પ્રવેશ પર લગાવવામાં આવ્યો પ્રતિબંધ

કમલમ દૈનિક, અમદાવાદ,

અમદાવાદમાં કોરોના વકરતા સરકારે આજ રાતના નવ વાગ્યાથી એસટી સર્વિસ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આના પગલે રાતના નવ વાગ્યા પછી એસટી બસો અમદાવાદમાં નહી પ્રવેશી શકે અને બહાર પણ નહીં જઈ શકે. આગામી નિર્ણય જાહેર ન થાય ત્યાં સુધી આ નિર્ણય અમલી રહેશે. સરકારના આ નિર્ણયના પગલે અમદાવાદના ગીતામંદિર એસટી સ્ટેશન પર યાત્રિકોનો ધસારો જોવા મળ્યો હતો. તેમા સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. અમદાવાદ આવેલા લોકોએ રીતસર પરત ફરવા માટે ગીતામંદિર સહિતના મોટા એસટી સ્ટેન્ડ્સ તરફ દોટ લગાવી હતી. તેના પગલે અમદાવાદના ગીતામંદિર સાથેના વિવિધ એસટી સ્ટેન્ડ પર ભારે ધસારો જોવા મળ્યો હતો. તેની સાથે નિયમોના પાલનની વાત તો દૂર પણ નિયમ જેવું જ કશું દેખાતું ન હતું. આ સંજોગોના કોરોના ફેલાતો ક્યાંથી અટકે. આ રીતે એસટીમાં જનારા પ્રવાસીઓ જ્યાં-જ્યાં પણ જાય તે પોતાના વિસ્તારમાં સુપરસ્પ્રેડર બની શકે છે.દિવાળીના તહેવાર પછી અમદાવાદમાં કોરોનાના કેસમાં વધારો થવાથી પરિસ્થિતિ વધારે ગંભીર થઈ છે. સરકારે આ ગંભીરતાને ધ્યાનમાં રાખીને શુક્રવારે રાતે નવ વાગ્યાથી ૨૩મીએ સોમવારે સવારે છ વાગ્યા સુધીના ૫૭ કલાકના કરફ્યુની જાહેરાત કરી છે. તેના પછી સરકારે ગઈકાલે ૨૩મીથી શાળા કોલેજો શરૂ કરવાની હતી તે નિર્ણય પર બદલતા શાળા કોલેજોને આગળ જાહેરાત થાય નહીં ત્યાં સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. આના પછી હવે શહેરમાં આજ રાતથી સોમવાર સવાર સુધી એસટી બસની સેવા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. રાત્રે નવ વાગ્યા પછી શહેરમાં એસટી બસ નહીં પ્રવેશી શકે.

એસટીના અમદાવાદમાં પ્રવેશ પરના પ્રતિબંધના સમાચારને અમદાવાદ એસટીના ડેપો મેનેજર એચ.એન. દવેએ સમર્થન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શુક્રવારથી કરફ્યુને લઈને અમદાવાદમાં એસટીના આવાગમન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સિવાય બહારગામથી અમદાવાદ થઈને જતી એસટી બસો હવે અમદાવાદ બાયપાસ થઈને જશે. અમદાવાદમાં રાત્રે ઉપડતી લગભગ ૩૫૦ જેટલી બસો બંધ રાખવાનો નિર્ણય પણ એસટી વિભાગે લીધો છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં કેસો વધતા સાવચેતીના ભાગરૂપે દસક્રોઈની બારેજા નગરપાલિકાએ ૨૧ થી ૩૦ નવેમ્બર સુધી સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યું છે. અમદાવાદમાં આ પહેલા સ્થિતિ સુધરતા પહેલી ઓગસ્ટે કરફ્યુ હટાવવામાં આવ્યો હતો.

# સુરતથી ખોડલધામ - કાગવડ જવા નીકળેલી સાયકલયાત્રાનું ભરૂચમાં ઉમળકાભેર સ્વાગત









કમલમ દૈનિક, ભરૂચ

કોરોના મહામારીમાં પ્રજાજનોને સુખાકારી અને તંદુરસ્ત આરોગ્ય માટે તથા પર્યાવરણના જતન માટે સુરતથી ખોડલધામ - કાગવડ સાયકલયાત્રાનું આયોજન સુરત પુના વિસ્તારના કોર્પોરેટર દિનેશભાઈ સાવલીયા તથા તેમના પરિવારજનો ધ્વારા કરવામાં આવ્યું હતું. આ સાયકલ યાત્રા ભરૂચ મુકામે આવી પહોંચતા ભરૂચ જિલ્લા ખોડલધામ સમિતિ ધ્વારા સાયકલયાત્રીઓનું ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વેળાએ ભરૂચ જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનરશ્રી પંકજભાઈ ભુવા,ઝઘડીઆ તાલુકા ખોડલધામ સમિતિના શ્રી તેજસભાઈ પટેલ, ભરૂચ ખોડલધામ યુવા સમિતિનાશ્રી સંજયભાઈ દેસાઇ, અંકલેશ્વર યુવા સમિતિના કન્વીનરશ્રી દેવેનભાઈ સાવલીયા, નિતિનભાઈ સાવલીયા, રાજુભાઈ તળાવીયા તથા ભરૂચ, અંકલેશ્વર,ઝઘડીઆના ખોડલધામ સમિતિના આગેવાનો ખાસ ઉપસ્થિત રહયા હતા. ભરૂચ જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનરશ્રી પંકજભાઈ ભુવાએ આ પ્રસંગે સાયકલયાત્રીઓને તેમના લક્ષમાં તેઓ સફળ થાય તેવી શુભેચ્છા પાઠવી સમાજ ઉત્કર્ષના કાર્યોમાં સફળતા મેળવે. ત્યારબાદ સાયકલયાત્રીઓ કરજણ, વડોદરા જવા રવાના થયા હતા. આ પાંચ દિવસની સાયકલ યાત્રામાં પાંચ યુવાનો અને એક યુવતિ સામેલ થઈ હતી. સાયકલયાત્રીઓ આગામી ૨૨મી નવેમ્બરના રોજ માં ખોડલના દર્શન કરી પ્રજાજનોની સુખાકારી, આરોગ્ય તેમજ પર્યાવરણના જતન માટેની યાચના કરશે.

# પ્રભારી સચિવશ્રી નલિન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને કોવિડની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજાઈ









કમલમ દૈનિક, જામનગર

હાલમાં સમગ્ર ગુજરાતમાં શિયાળાના આગમન સાથે અને દિવાળીના તહેવારો બાદ ફરી કોરોનાના કેસો ઉછાળો જોવા મળ્યો છે. આ સમયે કોરોનાના સંભવિત સેકન્ડ વેવની સ્થિતિમાં જામનગર જિલ્લાને વધુ સલામત રાખી શકાય તે માટે જામનગરના પ્રભારી સચિવશ્રી નલિન ઉપાધ્યાય દ્વારા જિલ્લાના લાઈઝન અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સર્વેલન્સ વધારવા, આઈ.ઈ.સી એક્ટિવિટી દ્વારા લોકોને વધુ સમજૂતી કરવા અને ટેસ્ટ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જામનગરમાં ભીડભાડવાળા વિસ્તારમાં માસ્ક વગર ફરતા લોકો સામે કરી સખ્તાઈ દાખવવામાં આવશે તેમ જણાવી પ્રભારી સચિવશ્રીએ બેઠક બાદ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, હાલમાં જે વિસ્તારમાંથી વધુ કેસ આવી રહ્યા છે તે વિસ્તારોમાં સર્વેલન્સની એક્ટિવિટી વધુ સઘન કરવામાં આવશે. ધનવંતરી રથ અને સંજીવની રથની આસરકારક કામગીરીનો પણ ફરી ઉપયોગ કરવામાં આવશે. હોસ્પિટલના સ્તરે તમામ પૂરતી દવાઓ, ટેસ્ટિંગ માટે પૂરતા પ્રમાણમાં કીટ અને આર.ટી.પી.સી.આર કરવામાં માટે તેમજ બેડ, સ્ટાફ વગેરેની તમામ સુવિધાઓ પૂરતા પ્રમાણમાં છે. આ સમયે લોકો વધુ સાવધાન થઈ અને માસ્કનો ઉપયોગ કરે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે અને હાથની સ્વચ્છતાનો ખ્યાલ રાખે તે ખૂબ આવશ્યક છે તેવી અપીલ સાથે પ્રભારી સચિવશ્રીએ કહ્યું હતું કે, ''જયાં સુધી વેકસિન નહીં ત્યાં સુધી ઢીલાશ નહીં'' તેમ લોકો સમજી અને સ્વયંશિસ્ત જાળવે તો જામનગરને આપણે સલામત રાખી શકીશું.

## તંત્રી સ્થાનેથી......

કેન્દ્ર સરકાર દ્વારા ચાર રાજ્યો એટલે કે હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મણીપુરમાં ઉચ્ચ સ્તરીય ટીમો મોકલવામાં આવી છે. આ ટીમો જ્યાં ખૂબ જ મોટી સંખ્યામાં કોવિડના કેસ નોંધાયા છે તેવા જિલ્લાઓની મુલાકાત લેશે અને ચુસ્ત કન્ટેઈન્મેન્ટ, સર્વેલન્સ, પરીક્ષણ અને સંક્રમણ નિવારણ તેમજ નિયંત્રણના પગલાં અને પોઝિટીવ દર્દીઓના અસરકારક તબીબી વ્યવસ્થાપન માટે રાજ્ય સરકારના પ્રયાસોમાં જરૂરી સહકાર આપશે. કેન્દ્રીય ટીમો સમયસર નિદાન અને ફોલોઅપ સંબંધિત પડકારોનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરવા માટે પણ માર્ગદર્શન આપશે. જ્યાં કોવિડ-૧૯ના પોઝિટીવ કેસોમાં નોંધપાત્ર સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે તેવા અન્ય રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પણ ઉચ્ચ સ્તરીય બહુશાખીય ટીમો મોકલવા અંગે કેન્દ્ર સરકાર દ્વારા ચિંતન ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારોને સઘન અને વ્યાપક પરીક્ષણ કરવા માટે સલાહ આપવામાં આવી છે જેથી કોવિડ-૧૯ના વણતપાસાયેલા અને ચુકાઈ ગયેલા કેસોને તાત્કાલિક ઓળખી કાઢવાનું સુનિશ્ચિત થાય તેમજ સમયસર અસરકારક ટ્રેસિંગ, કન્ટેઈન્મેન્ટ અને જરૂરી સારવાર પણ સુનિશ્ચિત થઈ શકે. ભારતમાં આજદિન સુધીમાં કુલ ૧૨,૯૫,૯૧,૭૮૬ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ૧૦ લાખથી વધુ (૧૦,૮૩,૩૯૭) નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. વ્યાપક પરીક્ષણનાં ઉચ્ચ સ્તરના કારણે એકંદરે પોઝિટીવિટી દર નીચલા સ્તરે જાળવી રાખવાનું શક્ય બન્યું છે અને વર્તમાન સમયમાં આ દર સતત ઘટી રહ્યો છે. આજે, એકંદરે રાષ્ટ્રીય સરેરાશ પોઝિટીવિટી દર ૬.૯૫% નોંધાયો છે જે ૭%ના મહત્વપૂર્ણ આંકડા કરતા ઓછો છે. મોટી સંખ્યામાં પરીક્ષણોના કારણે તબક્કાવાર પોઝિટીવિટી દરમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ૩૪ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વ્યાપક સર્વેલન્સ અને શંકાસ્પદ કેસો માટે ઉૐ દ્વારા "કોવિડ-૧૯ના સંદર્ભમાં જાહેર આરોગ્ય અને સામાજિક માપદંડોના સમાયોજન માટે જાહેર આરોગ્ય માપદંડો" શીર્ષકથી બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકામાં કરવામાં આવેલા પ્રત્યેક દસ લાખની વસ્તીએ દૈનિક ૧૪૦ પરીક્ષણોના સૂચન કરતાં વધારે પરીક્ષણો કરવામાં આવી રહ્યાં છે. ૨૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશ પોઝિટીવિટી દર (૬.૯૫%) કરતાં ઓછો એકંદર પોઝિટીવિટી દર નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૫,૮૮૨ દર્દીઓ કોવિડથી સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ છે. ભારતમાં વર્તમાન સમયમાં સક્રિય કેસોનું ભારણ ૪,૪૩,૭૯૪ છે જે આજદિન સુધીમાં નોંધાયેલા કુલ કેસોમાંથી ૪.૯૩% છે અને આ આંકડો ૫%ના મહત્વપૂર્ણ આંક કરતાં નીચલા સ્તરે ટકી રહ્યો છે. કુલ સક્રિય કેસોમાંથી ૭૮.૨% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નોંધાયેલા છે. સૌથી વધુ ૧૮.૧૯% દર્દીઓ મહારાષ્ટ્રમાં છે. આજદિન સુધીમાં ૨૮ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સક્રિય કેસોની સંખ્યા ૨૦,૦૦૦ કરતાં ઓછી નોંધાઈ છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૪,૮૦૭ દર્દીઓ સાજા થયા હોવાથી દેશમાં કુલ સાજા થયેલા દર્દીઓનો આંકડો વધીને ૮૪,૨૮,૪૦૯ થઈ ગયોછે. આજે સાજા થવાનો દર વધીને ૯૩.૬૦% નોંધાયો છે. સાજા થયેલા કેસો અને સક્રિય કેસો વચ્ચેનો તફાવત પણ વધીને ૭૯,૮૪,૬૧૫ થઈ ગયો છે. નવા સાજા થયેલા દર્દીઓમાંથી ૭૮.૦૨% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સાજા થયા છે. કેરળમાં સૌથી વધુ ૬,૮૬૦ દર્દીઓ એક દિવસમાં સાજા થયા છે જ્યારે ત્યારબાદ ૬,૬૮૫ દર્દીઓ દિલ્હીમાં સાજા થયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં નવા સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૫,૮૬૦ નોંધાઈ છે. નવા નોંધાયેલા કેસોમાં ૭૭.૦૨% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૭,૫૪૬ દર્દીઓ નોંધાયા છે. કેરળમાં નવા ૫,૭૨૨ દર્દી પોઝિટીવ નોંધાયા છે જ્યારે મહારાષ્ટ્રમાં ગઈકાલે દૈનિક ધોરણે વધુ ૫,૫૩૫ દર્દી નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૫૮૪ દર્દીઓ મૃત્યુ પામ્યા છે જેમાંથી ૮૧.૮૫% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. નવા નોંધાયેલા મૃત્યુમાંથી સૌથી વધુ ૨૬.૩૨% એટલે કે ૧૫૪ દર્દીઓ મહારષ્ટ્રમાં મૃત્યુ પામ્યા છે. દિલ્હીમાં વધુ ૯૩ દર્દીઓ જ્યારે પશ્ચિમ બંગાળમાં ૫૩ દર્દીઓ મૃત્યુ પામ્યા હોવાનું નોંધાયું છે.

### ગટરો અને સેપ્ટિક ટાંકીઓની જોખમકારક સાફસફાઈ નિવારવાની ચેલેન્જ

# શ્રી હરદીપ સિંહ પુરીએ ૨૪૩ શહેરોમાં સફાઈ મિત્ર સુરક્ષા ચેલેન્જનું ઉદ્ઘાટન કર્યું




## યાંત્રિક સફાઈ કામને પ્રોત્સાહન આપવામાં આવશે

## મે, ૨૦૨૧માં શહેરોનું વાસ્તવિક મૂલ્યાંકન થશે અને સ્વતંત્રતા દિવસ પર પરિણામો જાહેર થશે

કમલમ દૈનિક,

રાજ્ય કક્ષાના કેન્દ્રીય હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી હરદીપ સિંહ પુરીએ આજે જણાવ્યું હતું કે, ભારત સરકાર એ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે કે જ્યાં સુધી જાહેર જનતાના સ્વાસ્થ્યના હિતમાં ટાળી ન શકાય એવી સ્થિતિ ઊભી ન થાય, ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને ગટર કે સેપ્ટિક ટેંકમાં ઉતરવાની જરૂર નહીં રહે. નવી દિલ્હીમાં એક વેબિનારમાં સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જનું ઉદ્ઘાટન કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ સંદર્ભને અનુલક્ષીને અમે આજે સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ શરૂ કરીને વધુ એક લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જેનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે, ગટર કે સેપ્ટિક ટાંકી સાફ કરનાર કોઈ પણ વ્યક્તિનું જીવન જોખમકારક સાફસફાઈની સમસ્યાના કારણે ગુમાવવું ન પડે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ આપણા આદરણીય પ્રધાનમંત્રીના વિઝનને સુસંગત છે. પ્રધાનમંત્રીએ સ્વચ્છ ભારત અભિયાન – શહેરી (એસબીએમ-યુ)નાં હાર્દમાં સફાઈ કામદારોની સલામતી અને સન્માનને હંમેશા સ્થાન આપ્યું છે. ચેલેન્જ ઉચિત રીતે વર્લ્ડ ટોઈલેટ ડે એટલે કે વિશ્વ શૌચાલય દિવસના પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવી છે. એનો ઉદ્દેશ ગટરો અને સેપ્ટિક ટાંકીઓની જોખમકારક સાફસફાઈ નિવારવાનું તેમજ તેમના યાંત્રિક સાફસફાઈને પ્રોત્સાહન આપવાનું છે. આ વર્ચ્યુઅલ ઈવેન્ટમાં રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો, સ્ટેટ મિશન ડાયરેક્ટર્સ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા શહેરી અધિકારીઓ સામેલ થયા હતા, જેમણે સંયુક્તપણે ૩૦ એપ્રિલ, ૨૦૨૧ સુધી ૨૪૩ શહેરોમાં તમામ ગટરો અને સેપ્ટિક ટાંકીઓની યાંત્રિક સાફસફાઈની કામગીરી કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તેમજ તેમણે ગટરો કે સેપ્ટિક ટાંકીઓમાં જોખમકારક પ્રવેશને નિવારવા કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વેબિનારમાં સામાજિક ન્યાય મંત્રાલય, પેયજલ અને સાફસફાઈ વિભાગ તથા ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રોત્સાહન વિભાગના સચિવો પણ ઉપસ્થિત હતા, જેમણે તેમના મંત્રાલયે આ પ્રકારની સાફસફાઈની કામગીરીને યાંત્રિક રીતે બનાવી એ વિશે જાણકારી આપી હતી. આ પ્રસંગે શ્રી પુરીએ કહ્યું હતું કે, "માનવ સફાઈ કામદારો તરીકે રોજગારીનો પ્રતિબંધ અને તેમના પુનર્વસનનો ધારો (૨૦૧૩) અને આદરણીય સર્વોચ્ચ અદાલતતના વિવિધ ચુકાદાઓ જોખમકારક સાફસફાઈ પર પ્રતિબંધ મૂકે છે, એટલે કે ગટર કે સેપ્ટિક ટાંકીમાં સુરક્ષા માટેના સાધનોનો ઉપયોગ કર્યા વિના અને આ કામગીરી પર નજર રાખ્યા વિના માનવીય પ્રવેશ પર નિષેધ ફરમાવે છે. તેમ છતાં આ કામગીરીમાં માનવીય મૃત્યુની ઘટનાઓ વારંવાર ઘટે છે. ગટરો અને સેપ્ટિક ટાંકીઓમાં સફાઈ કામદારોના મૃત્યુના બનાવો બને છે. સામાન્ય રીતે આર્થિક રીતે નબળા અને સમાજના વંચિત સમુદાયના લોકો સફાઈ કામદારો તરીકે કામ કરે છે. હકીકતમાં આ સમસ્યા ચિંતાજનક બની રહી છે." શ્રી પુરીએ ધ્યાન દોર્યું હતું કે, ચેલેન્જની સફળતાનો આધાર રાજકીય પ્રતિનધિઓ, સનદી અધિકારીઓ અથવા મ્યુનિસિપલ સત્તામંડળોના આશય અને પ્રતિબદ્ધતાની સાથે દેશના નાગરિકોની કટિબદ્ધતા પર પણ છે. તેમણે ઉમેર્યુ હતું કે, નાગરિકોએ જેમ તેમના શહેરોની સ્વચ્છતાની જવાબદારી ઉઠાવી છે, તેમ આ પ્રયાસમાં તેમની ભાગીદારી સંપૂર્ણપણે મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. તેમણે દરેકને સતર્ક અને જવાબદાર બનવા તથા સેનિટેશન કે સ્વચ્છતા કમાન્ડોનું જીવન બચાવવાની આ પહેલમાં સામેલ થવા અપીલ કરી હતી. આ ચેલેન્જના પાસાંઓને સમજાવતા એમઓએચયુએના સચિવ શ્રી દુર્ગા શંકર મિશ્રાએ કહ્યું હતું કે, "આ ચેલેન્જ યાંત્રિક સફાઈ અને કામદારોની ક્ષમતા ઊભી કરવા માટે માળખાગત સુવિધાઓના સર્જનની સાથે આ મહત્ત્વપૂર્ણ મુદ્દા પર નાગરિકોમાં જાગૃતિ લાવવા પર વિસ્તૃતપણે ધ્યાન કેન્દ્રિત કરશે. આની સાથે સાથે એક પ્રતિબદ્ધ હેલ્પલાઈન નંબર પણ ઊભો કરવામાં આવ્યો છે, જેના પર ફરિયાદ નોંધાવી શકાશે અને કાદવકીચડ દૂર કરવા કે ગટર ઊભરાઈ જવા પર રિયલ-ટાઈમ સોલ્યુશન પ્રદાન કરવામાં આવશે. આમાં સહભાગી થયેલા શહેરોનું વાસ્તવિક મૂલ્યાંકન મે, ૨૦૨૧માં સ્વતંત્ર સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવશે અને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પરિણામો જાહેર કરવામાં આવશે." શહેરોને ત્રણ પેટાકેટેગરીઓમાં એવોર્ડ એનાયત થશે – ૧૦ લાખથી વધારે વસ્તી ધરાવતા, ૩ લાખથી ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતા અને ૩ લાખ સુધીની વસ્તી ધરાવતા. કુલ ઈનામની રકમ રૂ. ૫૨ કરોડ છે, જે તમામ કેટેગરીઓમાં વિજેતા શહેરોને આપવામાં આવશે. ઈવેન્ટમાં એમઓએચયુએના સેન્ટ્રલ પબ્લિક હેલ્થ એન્ડ એન્વાયર્મેન્ટલ એન્જિનીયરિંગ ઓર્ગેનાઈઝેશન (CPHEEO)એ તૈયાર કરેલી શ્રેણીબદ્ધ એડવાઈઝરી પ્રસ્તુત કરવામાં આવી હતી. એમાં 'ગટર અને સેપ્ટિક ટેંકોની સાફસફાઈ પર સફાઈ કામદારો માટે તાલીમ મોડ્યુલક્ષ, ભારતમાં જળજન્ય સ્વચ્છતા માટે ઉપકરણ અને કામદારો માટેના નિયમો પર એક ડોક્યુમેન્ટ તથા મળના કીચવ પર જમીનની ઉપયોગિતા પર સલાહકારક દસ્તાવેજ સામેલ હતા. એમઓએચયુએએ ગટર અને સેપ્ટિક ટેંકોની જોખમકારક સાફસફાઈના વિષય પર નાગરિક કેન્દ્રિત વર્તણૂંક પરિવર્તન સંચાર અભિયાનના ભાગરૂપે શ્રેણીબદ્ધ પોસ્ટર પણ જાહેર કરવામાં આવ્યાં હતાં. આજે જાહેર થયેલા તમામ ડોક્યુમેન્ટ સ્વચ્છ ભારત અભિયાન – શહેરી પોર્ટલ પર ઉપલબ્ધ છે. ઈવેન્ટના બીજા ભાગમાં પેનલ ડિસ્કશન ફોર્મેટમાં ઓપન ફોરમ યોજાયું હતું, જેમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, સુરત, હૈદરાબાદ અને લુધિયાણા જેવા કેટલાંક રાજ્યો અને શહેરોના પ્રતિનિધિઓએ 'મેનહોલ ટૂ મશીન હોલ ટ્રાન્સફોર્મેશનના વિષય પર તેમના અનુભવો વહેંચ્યા હતા અને શ્રેષ્ઠ રીતો વિશે જાણકારી આપી હતી. પેનલિસ્ટોમાં નેશનલ સફાઈ કર્મચારીસ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSKFDC), દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) અને દિલ્હી જલ બોર્ડ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA) અને ગટર/ સેપ્ટિક ટેંક ઉપકરણ નિર્માતા કામ અવિદાના પ્રતિનિધિઓ સામેલ હતા, જેમણે ચેલેન્ડમાં એમઓએચયુએમાં પૂરક બનીને તેમના ઉત્પાદનો અને સેવાઓ વિશે જાણકારી આપી હતી. એસબીયુ-એમ વર્ષ ૨૦૧૪માં શરૂ થઈ છે. પછી અત્યાર સુધી સાફસફાઈ અને ઘન કચરાના નિકાલ એમ બંને ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ૪૩૩૭ શહેરી સ્થાનિક સંસ્થાઓ (યુએલબી)ઓને ઓપન ડિફેકેશન ફ્રી (ઓડીએફ) જાહેર કરવામાં આવી છે (પશ્ચિમ બંગાળની ૩૫ યુએલબી સિવાય), ૧૩૧૯ શહેરોને ઓડીએફ અને ૪૮૯ શહેરોને સર્ટિફાઈડ ઓડીએફ જાહેર કરવામાં આવ્યાં છે. ઉપરાંત ૬૨ લાખ ઘરોમાં શૌચાલયો અને ૫.૯ લાખથી વધારે સામુદાયિક/ જાહેર શૌચાલયોનું નિર્માણ થયું છે. વળી ૨૯૦૦થી વધારે શહેરોમાં ૫૯,૯૦૦થી વધારે શૌચાલયો ગૂગલ મેપ્સ પર લાઈવ થયા છે. ઘન કચરાના નિકાલના ક્ષેત્રમાં ૯૭ ટકા વોર્ડ્સ ૧૦૦ ટકા ડોર-ટૂ-ડોર કલેક્શન ધરાવે છે, ત્યારે કુલ પેદા થતા કચરામાંથી ૬૭ ટકા કચરાનું પ્રોસેસિંગ થાય છે. કચરામુક્ત શહેરો માટે સ્ટાર રેટિંગની આચારસંહિતા હેઠળ કુલ છ શહેરોને ૫ સ્ટાર, ૮૬ને ૩ સ્ટાર અને ૬૪ને ૧ સ્ટાર તરીકે પ્રમાણિત કરવામાં આવ્યાં છે.

# પ્રાણ પ્રતિષ્ઠા અને ડોરી પૂજન સાથે સાંસદ નો "સ્નેહભોજ"




કમલમ દૈનિક, રિપોર્ટ -અજય ખત્રી,કચ્છ

કચ્છ-મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા ધાર્મિક આયોજન પ્રસંગે યોજાયું સ્નેહભોજન નૂતન વર્ષ નિમિતે સ્નેહીજનો,રાજકીય સામાજિક આગેવાનો સાથે શુભેચ્છાઓની કરી આપ -લે નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ગામે કચ્છ- મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા દ્વારા નૂતન વર્ષ અને ભાઈબીજ ના અવસરે રામદેવજી મહારાજ ના મંદિર ની પ્રાણપ્રતિષ્ઠા અને સ્નેહ ભોજન નું આયોજન કરાયું. કોરોના ના કપરા સમય ને અનુલક્ષી યોજાતું ભવ્ય સ્નેહ મિલન ના કાર્યક્રમો આ વખતે યોજવામાં આવ્યા નથી ત્યારે સુખપર (રોહા) મધ્યે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમ ની સાથે સ્નેહભોજનનું આયોજન કરવામાં આવ્યો હતો. સોમવારે યોજાયેલા આ કાર્યક્રમ માં કચ્છ-મોરબી સાંસદ વિનોદ ભાઈ ચાવડા ની ઉપસ્થિતી માં મંદિર ની પ્રાણપ્રતિષ્ઠા સાથે ધાર્મિક કાર્યકર્મો માં ધર્મપ્રિય લોકો ની સાથે રાજકીય અને સામાજિક અગ્રણીઓ હાજર રહ્યા હતા. સાંજે ભવ્ય સ્નેહ ભોજન નું આયોજન કરાયું હતું વહેલી સવાર થી યોજાયેલા કાર્યક્રમ માં તબક્કાવાર રાજકીય અને સામાજિક આગેવાનો એ શુભેચ્છાઓ ની આપ-લે કરી હતી. આ પ્રસંગે રાજ્ય મંત્રી વાસણભાઈ આહીર,માંડવી-મુન્દ્રા ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા,અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા,ગાંધીધામ ધારાસભ્ય માલતી બેન મહેશ્વરી ,પૂર્વ રાજ્ય મંત્રી તારાચંદ ભાઈ છેડા,પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, ભુજ નગરપતિ લતાબેન સોલંકી,ભુજ તાલુકા પૂર્વપ્રમુખ કંકુબેન ચાવડા,જીગર છેડા, અજય ગઢવી, સાત્વિકદાન ગઢવી, હમીરભાઈ ચાવડા, સહિત ના અગ્રણીઓ તેમજ પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

# માલખેતથી ખતલવાડા સુધી રૂ.૧.૫ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર પાંચ કીમી ના રસ્તાનું ખાતમુહૂર્ત કરતા વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકર






કમલમ દૈનિક, અરવલ્લી

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના માલખેત ચોરવડલી ફળીયા ખાતે માલખેતથી ખતલવાડા સુધી રૂ.૧.૫ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર પાંચ કીમી ના રસ્તાનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી ઉમરગામ તાલુકામાં થયેલા અનેકવિધ વિકાસકાર્યોની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, છેવાડાના ગામ સુધી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાનો મૂળ ઉદ્દેશ ગામના કયા કામો કરવામાં આવી રહ્યા છે તેની સૌને જાણકારી મળે તે છે. પ્રજાને પડતી મુશ્કેલીઓનું નિવારણ થાય તે માટે રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉમરગામ તાલુકાના ૧૨ જેટલા રસ્તાનું નવીનીકરણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આરોગ્યની ચિંતા કરી વસ્તીના ધોરણે ૨૮ જેટલા પેટા આરોગ્ય કેન્દ્રો બનાવી લોકોને નજીકમાં આરોગ્યની સેવા મળે તેવા પ્રયાસો કરાયા છે. ઉમરગામ તાલુકામા અનેક રસ્તાઓ ડામરના બનાવાયા છે. જરૂરિયાત મુજબ સી.સી. રોડ, સાંકડા રસ્તા હોય તેને પહોળા બનાવવાનું આયોજન કરાયું છે. જેના થકી લોકોની સુવિધાઓમાં વધારો થશે. ૬૫ કરોડના ખર્ચે દરિયાઈ ધોવાણ અટકાવવા દીવાલ બનાવવામાં આવનાર છે. સરપંચ સક્રિય હશે તો ગામનો વિકાસ ઝડપી બનશે, તેમ જણાવી લોકોને જરૂરી હોય તેવા કામોનું આયોજન કરી સરકારના વિકાસયાત્રામાં દરેક સરપંચે સહયોગી બનવા અનુરોધ કર્યો હતો. નલ સે જલ યોજના હેઠળ ઘર સુધી નળનું કનેકશન આપવામાં આવશે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. કોરોના મહામારીનું સંક્રમણ વધે નહિ તે માટે સરકારે લીધેલા પગલાંને કારણે મૃત્યુનું પ્રમાણ ખૂબજ ઓછું રહેવાની સાથે રિકવરી રેટ પણ વધારે રહયો છે. પ્રજાજનોને સુખાકારી સાથે અન્ય વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્ય સરકારે ચોક્કસ આયોજન કર્યું છે. કોરોના મહામારીમાં જરૂરિયાતમંદ લોકો ની ભૂખ સંતોષવા વિનામૂલ્યે અનાજ પૂરું પાડ્યું છે.નાયબ કાર્યપલક ઈજનેર તેજસભાઈ પટેલે રસ્તાની કામગીરી ની જાણકારી આપી હતી. માલખેત સરપંચ મહેશભાઈ એ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી ગામના વિકાસ કાર્યો ની રૂપરેખા આપી હતી.આ અવસરે ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ગામેગામ પાકા રસ્તા બનાવી પ્રજાજનોને જરૂરી સુવિધાઓ આપી છે. આ અવસરે ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ પટેલ, મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, રામદાસ વરઠા, આજુબાજુના ગામોના સરપંચ, માર્ગઅનેમકાનવિભાગનાતેજસભાઈ પટેલ,જિલ્લાપંચાયતસભ્યભરતભાઈ, તાલુકા પંચાયત સભ્ય વૈશાલીબેન ગ્રામજનો હાજર રહ્યા હતા

# ધનસુરા બજાર શનિવાર થી સોમવાર સુધી સ્વયંભૂ બંધ

## ધનસુરા તાલુકા માં ૧૫ જણાને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટીવ





કમલમ દૈનિક, અરવલ્લી

કોરોના ને લઈ ને ધનસુરા બજાર શનિવાર થી સોમવાર સુધી સ્વયંભૂ બંધ રહેશે ધનસુરા વેપારી એસોસિએશન નો નિર્ણય ધનસુરા માં વધી રહેલા કોરોના ને લઈને લેવામાં આવ્યો છે ધનસુરા તાલુકા માં ૧૫ જણાને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટીવ ધનસુરા માં કોરોના ના કેસ વધી રહ્યા છે ત્યારે લોકમુખે એવી ચર્ચા પણ ચાલી રહી છે કે કેટલાક દર્દીઓ કોરોના પોઝીટીવ આવ્યો હોવા છતા ગામમાં ફરી રહ્યા છે જ્યારે ધનસુરા માં મોટા ભાગની સોસાયટીઓમાં કોરોના ના કેસ છે.ધનસુરા ના બોરડી ટીંબા,ભેંસાવાડા,ધનસુરા સહિત ધનસુરા તાલુકામાં ૧૫ જણાને કોરોના રેપીડ ટેસ્ટ પોઝિટિવ આવતાં આરોગ્ય વિભાગે સર્વે અને સેનેટાઈઝિંગ ની કામગિરી હાથ ધરી છે

# લુણાવાડાની પંચશીલ હાઈસ્કૂલનું ગૌરવ



**NCC ઓફિસરની તાલીમમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવ્યા**

કમલમ દૈનિક, લુણાવાડા,

૩૦, ગુજરાત બટાલિયન,NCC, ગોધરા, ધ્વારા મહારાષ્ટ્રના કામ્પટી ખાતે ૬૦ દિવસનો અસોસિયેટ NCC ઓફિસર (ANO) ની તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં લુણાવાડાની પંચશીલ હાલસ્કૂલમાં માધ્યમિક વિભાગમાં મદદનીસ શિક્ષક તરીકે ફરજ બજાવતાં શ્રી અરવિંદકુમાર પટેલે ભાગ લીધો હતો. આ ૬૦ દિવસીય તાલીમ દરમિયાન શ્રી પટેલે પી.ઇ, પરેડ, ડ્રીલ, વોલીબોલ, બાસ્કેટબોલ, ફાયરીંગ, યુવા શક્તિ, નાટક, કેમ્પ અને ફલેગ એરિયામાં શ્રેષ્ઠ દેખાવ કરી ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી. શ્રી પટેલની શ્રેષ્ઠ કામગીરી બદલ મહીસાગર જિલ્લા શિક્ષણ વિભાગ ધ્વારા શુભેચ્છાઓ સહિત અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આમ શ્રી પટેલે લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# કોરોનાના વધતા જતા સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠક



કમલમ દૈનિક, લુણાવાડા,

દિવાળીના તહેવારો બાદ જિલ્લામાં કોરોનાનાકેસોનું પ્રમાણ જોવા મળી રહ્યું છે, ત્યારે કોરોનાના કેસોનું પ્રમાણ વધવા ન પામે તેમજ સંક્રમણ નિયંત્રણમાં રહે તે માટે આજે કલેક્ટરાલય ખાતે જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડે સંબંધિત અધિકારીઓને સરકારશ્રીના દિશા નિર્દેશો અને ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવા અને કરાવવા સૂચવ્યું હતું.શ્રી બારડે માસ્ક પહેર્યા વગર ફરતાં અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલનન કરતા નાગરિકો સામે નિયમાનુસાર દંડનીય કાર્યવાહી કરવા કહ્યું હતું. વધુમાં શ્રી બારડે દુકાનદારો સહિત કોઈપણ વેપારીઓ, ફેરિયાઓ પણ માસ્ક વગર ફરતાં હોય તો તેઓની સામે દંડનીય કાર્યવાહી સહિત જરૂર પડે સીલ કરવા સહિતની સખ્તાઈથીકામ લેવા પણ જણાવ્યું હતું.શ્રી બારડે આરોગ્ય વિભાગને બેંકો, મીઠાઈફરસાણ, કાપડ, ઝવેરી સહિત અન્ય દુકાનદારોના સેમ્પલ લેવા સૂચવ્યું હતું. આ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનની અવારનવાર મુલાકાત લેવા અને જે તે વિસ્તાર સેનેટાઇઝ થાય તેની ચકાસણી કરતા રહેવા સૂચવ્યું હતું. શ્રી બારડે દરેક તાલુકામાં ક્લસ્ટર આવેલા હોવાથી કલસ્ટર પ્રમાણે અધિકારી કર્મચારીઓની બે ત્રણ ટીમ બનાવી અને જરૂર પડે તો પોલીસ વિભાગનો પણ સહયોગ લઈ કન્ટેનમેન્ટ વિસ્તારમાં વિશેષ ધ્યાન રાખવા અને ટેસ્ટિંગ કરવા જણાવ્યું હતું. શ્રી બારડે આરોગ્ય કર્મીઓને દર્દીઓને ટ્રાવેલીંગ હીસ્ટ્રીની સંપૂર્ણ નોંધ રાખવાની સાથે તેના કોન્ટેક્ટ ટ્રેસીંગ કરવા પર ભાર મૂકી આ બધાની સંપૂર્ણ માહિતી એકત્ર કરવા કહ્યું હતું. શ્રી બારડેઆગામી સમયમાં આવી રહેલ લગ્ન સીઝનનો ઉલ્લેખ કરી વાડી પાર્ટીપ્લોટના સંચાલકો સાથે કોવિડ-૧૯નું ચુસ્તપણે પાલન થાય અને લગ્ન સમારોહ દરમિયાન કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે ગંભીરતાથી લગ્ન સમારોહનું આયોજન સરકારશ્રીની ગાઈડલાઈન અનુસાર થાય તે માટે બેઠક કરવા જણાવ્યું હતું. બેઠકમાં શ્રી બારડે કોરોના પ્રતિ જાગૃતિ આવે તે માટે ગામેગામ પ્રચાર પ્રસારની કામગીરીને વેગ આપવા ઉપરાંત અને સંજીવનીનાં વધુને વધુ નાગરિકો લાભ લે તે માટે માર્ગદર્શન આપતા રહેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. કલેકટરશ્રીએ ગામેગામ પ્રજાજનો દ્વારા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવામાં આવે તે માટે પ્રેરિત કરવા અને તેની ઉપયોગીતા સમજાવવા કહ્યું હતું. આ ઉપરાંત સંકલન ઓફિસરો અને આરોગ્ય કર્મીઓ દ્વારા ઘનિષ્ઠ સર્વે કરવા ટેસ્ટીંગ વધારવા જણાવ્યું હતું. શ્રી બારડે આરોગ્ય વિભાગના અધિકારીઓને ખાનગી તબીબો પાસે આવતા દર્દીઓની સંપૂર્ણ માહિતી આરોગ્ય વિભાગને મોકલી આપવામાં આવે તે માટેની જાણ કરવામાં આવે તે માટે ખાનગી તબીબો સાથે બેઠક કરવા સૂચવ્યું હતું. બેઠકમાં જિલ્લા પોલીસ વડાશ્રી બારડે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાણકારી આપી કોરોનાના સંક્રમણના અટકાયતી તમામ પગલાઓ ભરવામાં પોલીસ વિભાગનો સંપૂર્ણ સહયોગ મળી રહેશે તેમ જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારી,સી.ડી.એચ.ઓ શ્રી ડૉ.એસ.બી.શાહ સંતરામપુર, બાલાસિનોર અને લુણાવાડાના પ્રાંત અધિકારીશ્રીઓ, ડી.વાય.એસ.પી.શ્રી એન.વી.પટેલ,તાલુકા હેલ્થ ઓફિસર શ્રીઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# મહીસાગર જિલ્લામાં સરકારી ઉ. મા. શાળાઓમાં પસંદગી પામેલ શિક્ષણ સહાયકોને નિમણુંક હુકમો એનાયત કરાયા

કમલમ દૈનિક, લુણાવાડા,

મહીસાગર જિલ્લાના લુણાવાડા મુકામે શ્રી એમ.પી.મહેતા,નાયબ નિયામક (મહેકમ) નિયામકશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગરના હસ્તે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી ૨૦૧૯-૨૦માં પસંદગી પામેલ કુલ-૦૯ ઉમેદવારોને મહીસાગર જિલ્લાની વિવિધ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક પામેલ શિક્ષકોને સરકારની કોવિડ-૧૯ ગાઈડલાઈન મુજબ લુણાવાડા ખાતેની પંચશીલ હાઈસ્કૂલ ખાતેજિલ્લા શિક્ષણાધિકારીશ્રી પી.એન.મોદીના અધ્યક્ષ સ્થાને નિમણુંક હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. આ નિમણુંક પત્ર મેળવનાર શિક્ષકોએ સરકારની આ પારદર્શક ભરતી પ્રક્રિયા અંગે આભારની લાગણી વ્યક્ત કરી પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવાની ખાત્રી આપી હતી. જ્યારે શ્રી મોદીએ નિમણુંક મેળવનાર તમામ શિક્ષકોને જરૂરી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શિક્ષણ નિરીક્ષકશ્રી જે.એસ.પટેલ, વહીવટી અધિકારીશ્રી જે.એમ.પટેલ સહિત ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા

## રાજ્ય અને દેશની સલામતી, સમૃદ્ધિ અને પ્રજાની સુખાકારી માટે માતાજીને પ્રાર્થના કરી




કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિભાવપૂર્વક આદ્યશક્તિ મા અંબેના દર્શન અને પૂજા અર્ચના કરી હતી. મીડિયા સાથેની સંક્ષિપ્ત મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે રાજ્ય અને દેશની સલામતી સમૃદ્ધિ અને પ્રજાની સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો થાય તેમજ કોરોના સંક્રમણ જલદીથી દૂર થાય તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ જણાવ્યું કે કોરોના સંક્રમણમાં થોડોક વધારો થયો છે ત્યારે લોકોને આરોગ્ય સેવાઓ પૂરતા પ્રમાણમાં અને સારી રીતે મળી રહે તે માટે તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. લોકોની સલામતી અને સાવચેતીના ભાગરૂપે અમદાવાદમાં શનિ-રવિના વીક એન્ડનો કર્ફ્યું નાખવાનો નિર્ણય લેવાયો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કોરોના સંક્રમણને પહોંચી વળવા છેલ્લા બે ત્રણ દિવસમાં રાજ્ય સરકારે મહત્ત્વના નિર્ણયો લીધા છે. તેમણે પ્રજાને અનુરોધ કરતા જણાવ્યું કે ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેત રહી ગાઈડલાઈનનું પાલન કરીએ. લોકોને માસ્ક પહેરવા તથા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અને સેનેટાઈઝર કે સાબુથી વારંવાર હાથ ધોવા મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાનમાં રાખી તારીખ ૨૩ નવેમ્બરથી ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ શરૂ કરવાના હતા પરંતુ વર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ હમણાં કોઈ શાળા કોલેજ શરુ કરાશે નહીં. અંબાજીના વિકાસ બાબતે બોલતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે અંબાજી મંદિરની ભવ્યતા તથા યાત્રિકોની સુવિધાઓમાં વધારો થાય તે માટે અંબાજી ડેવલપમેન્ટ ઓથોરિટી ની રચના કરવામાં આવી છે. જેનાથી આવનારા સમયમાં અંબાજીનો વિકાસ ઝડપી બનશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબેન રૂપાણી, સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી શશીકાન્તભાઈ પંડ્યા, પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ, કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અજય દહીયા, એસ.પી.શ્રી તરૂણ દુગ્ગલ, આસી. કલેક્ટર શ્રી પ્રશાંત ઝીલોવા, અંબાજી ટ્રસ્ટના વહીવટદાર સુધેન્દ્રસિંહ ચાવડા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ કલેક્ટર કચેરી ખાતે ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો



કમલમ દૈનિક, રાજકોટ,

નાગરિકોના હિત-લાભ માટે પારદર્શિતા પૂર્વક વહીવટ કરવા અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીને સીધો પ્રાપ્ત થાય તે માટે રાજકોટ જિલ્લા કલેકટર સુશ્રી રેમ્યા મોહનના અધ્યક્ષ સ્થાને તા. ૧૮ નવેમ્બરના રોજ કલેકટર કચેરી, રાજકોટ ખાતે "ઓપન હાઉસ કાર્યક્રમ" યોજાયો હતો. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત ઓપન હાઉસ કાર્યક્રમમાં મહેસુલ વિભાગની વિવિધ યોજનાના કુલ ૫૭ લાભાર્થીઓને કલેક્ટર સુશ્રી રેમ્યા મોહનના હસ્તે વિવિધ હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.જેમાં બીનખેતી પરવાનગીના ૪૫, બીનખેતી પ્રિમીયમના ૧, સિટીઝનશીપ સર્ટીફિકેટના ૧, કલમ ૫૪ હેઠળના ૧, જમીનના હક્કો બેંકમાં ગીરો મુકવાની મંજુરીના ત્રણ અને સબલીઝ એન્ડોર્સના ૬ હુકમોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત આ તમામ હુકમો કલેકટરશ્રીએ લાભાર્થીઓને હાથોહાથ અર્પણ કર્યા હતા. આ તકે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

રાજ્યમાં ૨૩ નવેમ્બરથી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા-કોલેજોમાં ફરી શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગેની સજ્જતા-વ્યવસ્થાઓની સર્વગ્રાહી સમીક્ષા કરતા શિક્ષણ મંત્રીશ્રી

# ગાંધીનગરના કમાન્ડ-કંટ્રોલ સેન્ટરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ DEO-યુનિવર્સિટી વાઇસ ચાન્સેલરશ્રીઓ-શાળા સંચાલકો સાથે સંવાદ બેઠક યોજી સમગ્ર તૈયારીઓનો જાયજો મેળવ્યો



**વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને જ સરકારે કેન્દ્રસ્થાને રાખ્યુ છે- હાજરી એકદમ મરજીયાત છે**

કમલમ દૈનિક,

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યની માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળા-કોલેજોમાં આગામી તા.૨૩ નવેમ્બરથી શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગેની સર્વગ્રાહી વ્યવસ્થાઓની ઉચ્ચસ્તરીય સમીક્ષા હાથ ધરી હતી. શિક્ષણ મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગના ગાંધીનગરના કમાન્ડ-કંટ્રોલ સેન્ટરથી વિડીયો કોન્ફરન્સ યોજીને રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ, શાળા સંચાલકો તેમજસરકારી,ખાનગી યુનિવર્સિટી ના વાઇસ ચાન્સેલરશ્રીઓ અને શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક યોજીને તલસ્પર્શી માહિતી મેળવી હતી. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બેઠકની વિગતો આપતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને રાખ્યું છે અને હાજરી એકદમ મરજીયાત છે. શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તા.૧૧ નવેમ્બરે નિર્ણય લેવાયો છે કે તા.૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો પૂનઃ શરૂ કરવામાં આવશે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આ નિર્ણયની જાહેરાતના એક માસ પૂર્વે જ રાજ્યના તમામ DEO મારફતે જિલ્લા કક્ષાએ આ અંગેના અભિપ્રાયો મેળવવા, ચર્ચા-વિચારણા કરવા શિક્ષણવિદો, વાલીઓ, સામાજિક અગ્રણીઓને બોલાવી ચર્ચા પરામર્શ બાદ આવેલા હકારાત્મક અહેવાલના આધારે તા.૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરવાનો નિર્ણય કરેલો છે. તેમણે કહ્યું કે, આ નિર્ણયના પગલે જે પૂર્વ તૈયારીઓ કરવાની થાય છે તેની સંપૂર્ણ સજ્જતાની સમીક્ષા આજે હાથ ધરી છે. શિક્ષણ મંત્રીશ્રીએ આ બેઠકમાં જે મહત્વપૂર્ણ બાબતો શાળા-કોલેજો પૂનઃ શરૂ કરવા નિર્ધારિત કરવામાં આવી છે તેની પણ વિશદ છણાવટ કરી હતી. તેમણે કહ્યું કે, એસ.ઓ.પી.નાપાલનનીસુનિશ્ચિતતા માટે જિલ્લા-નગરો-તાલુકા કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરી છે. શ્રી ચુડાસમાએ ઉમેર્યુ કે, બધા જ DEO, સરકારી, ગ્રાન્ટેડ, ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર શાળાઓ,કોલેજો-યુનિવર્સિટીઓએ શાળા-કોલેજો શરૂ કરવાની સંમતિ સાથે બધું જ આગોતરૂં આયોજન કરી લીધું છે. તેમણે સ્પષ્ટ કર્યુ કે, શાળાઓ શરૂ થવાથી ઓનલાઈન એજ્યુકેશન-લર્નિંગ બંધ કરવામાં આવશે નહિ. એટલું જ નહિ, હાજરી પણ મરજીયાત રાખી છે તથા કેન્દ્રની SOP મુજબ જ રાજ્ય સરકારે વિદ્યાર્થીના માતા-પિતા કે વાલીના સંમતિપત્રક મેળવવાનું જરૂરી રાખ્યું છે. શ્રી ચુડાસમાએ ઉમેર્યુ કે, તા.૨૩ નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ થાય એટલે કેટલા વિદ્યાર્થીઓ હાજર રહે છે, કેટલા વાલીઓની સંમતિ આવી છે તેની માહિતી દિવસમાં ૩ થી ૪ વાર રાજયકક્ષાએ મળે તેવી સંકલન વ્યવસ્થા કરેલી છે. શિક્ષણ મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, સ્થાનિક પરિસ્થિતી, અનુકૂળતા અને સગવડતા માટે જરૂર જણાયે નાના-મોટા ફેરફારો જેંમાં કરી શકાશે. જિલ્લા કલેકટરો સાથે સંકલનમાં રહિને કંટ્રોલરૂમ કાર્યરત કરવાની પણ વ્યવસ્થા ઊભી કરી છે એમ તેમણે ઉમેર્યુ હતું. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોઈ જ કન્ટેનમેન્ટ વિસ્તારોમાં શાળા-કોલેજો શરૂ કરવામાં નહિ આવે. જ્યાં શાળા-કોલેજો શરૂ થાય ત્યાં થર્મલ ગન, ફરજીયાત માસ્ક, સેનીટાઈઝર, શાળાની નજીકમાં જ આરોગ્ય કેન્દ્ર દવાખાનાની સગવડતા અંગે વિશેષ કાળજી રાખવાની રહેશે. તેમણે ઉમેર્યુ કે, સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા જરૂર જણાયે રેમિડિયલ એજ્યુકેશન વ્યવસ્થા કરવામાં આવશે. શાળા-કોલેજો શરૂ કરતા પહેલાં સ્વચ્છતા-સફાઈને પ્રાધાન્ય આપવાનું રહેશે. એટલું જ નહિ, શાળા સંચાલકો, SMC સભ્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓમાં SOP અને હેલ્થ હાઈજિન પ્રોગ્રામ માટે કેપેસિટી બિલ્ડીંગ પણ કરવામાં આવશે. શિક્ષણ મંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, સ્થાનિક સગવડતા-પરિસ્થિતી મુજબ કોઈ ફેરફાર સંદર્ભે વાલીઓની જો કોઈ નાની-મોટી ફરિયાદ-રજૂઆત આવે તો DEO અને વાઈસ ચાન્સેલરશ્રીઓ તેનો યોગ્ય ઉકેલ લાવે તેવી પણ સૂચના આપી છે. શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જણાવ્યું કે, કાળજીપૂર્વક કરવામાં આવતા કામનું પરિણામ અવશ્ય આવે જ છે તે ધ્યાનમાં રાખીને સંપૂર્ણ સતર્કતા-સાવચેતી સાથે શાળા-કોલેજો શરૂ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય છે તેમાં આ સમગ્ર વ્યવસ્થાઓ સરળતાથી સચવાશે જ. તેમણે કહ્યું કે કાળજી લેવાથી કામ પણ ચાલે અને કોરોનાથી બચી પણ શકાય તેવો સંદેશ તા.૨૩મી નવેમ્બરથી શાળા-કોલેજો શરૂ કરીને ગુજરાત આપશે. શ્રી ચુડાસમાએ આ સર્વગ્રાહી બધી જ પૂર્વ તૈયારીઓની સજ્જતા માટે શિક્ષણ તંત્ર, DEO સહિત સૌને અભિનંદન આપ્યા હતા. આ વિડીયો કોન્ફરન્સમાં શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા, સચિવ શ્રી વિનોદ રાવ, માધ્યમિક શિક્ષણ બોર્ડના શ્રી એ. જે. શાહ, સમગ્ર શિક્ષા અભિયાનના નિયામક શ્રીમતી પી. ભારથી અને વિવિધ શાળા-યુનિવર્સિટી સંચાલકો, વાઈસ ચાન્સેલરો જોડાયા હતા.

**જિલ્લા કલેક્ટરો સાથે સંકલનમાં રહિને કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે**

**SOPના પાલનને સુનિશ્ચિત કરવા જિલ્લા-નગરો-તાલુકામાં ટાસ્કફોર્સની રચના કરી છે**



**શાળાઓ-કોલેજો શરૂ થતાં ઓનલાઈન એજ્યુકેશન બંધ નહિ કરાય**



**સ્થાનિક પરિસ્થિતી-સગવડતા-અનુકૂળતા મુજબ જરૂર જણાયે SOP માં ફેરફાર કરી શકાશે**

**કોઈ જ કન્ટેનમેન્ટ વિસ્તારમાં શાળા-કોલેજો શરૂ નહિ થાય**



**કાળજીથી કામ લેવાથી પરિણામ પણ મળે અને કોરોનાથી બચી પણ શકાય તેવો સંદેશ ગુજરાત આપશે**



**શાળા-કોલેજ શરૂ થયે વિદ્યાર્થીઓની હાજરી-વાલીઓની સંમતિની માહિતી દિવસમાં 3 થી ૪ વાર રાજયકક્ષાએ મળે તેવી સંકલન વ્યવસ્થા કરી છે**

# જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલે વડોદરા શહેર જિલ્લામાં મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા હેઠળ થઈ રહેલી કામગીરીની જાણકારી આપી...



કમલમ દૈનિક, વડોદરા

હાલમાં તા.૧/૧/૨૦૨૧ની લાયકાત તારીખને કેન્દ્રમાં રાખીને ફોટો મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા ની કામગીરી સમગ્ર રાજ્યની સાથે વડોદરા શહેર અને જિલ્લામાં ચાલી રહી છે. તા.૧૫/૧૨/૨૦૨૦ સુધી આ કામગીરી ચાલુ રહેવાની છે.

અને આ કામગીરીના ભાગરૂપે આગામી રવિવાર તા.૨૨/૧૧ થી લઈને તા.૧૩/૧૨ સુધીના ચાર રવિવારોએ મતદાન મથકો ખાતે ખાસ ઝુંબેશ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું હતુ કે, હવે પછીના ચાર રવિવાર તા.૨૨/૧૧, ૨૯/૧૧, ૦૬/૧૨ અને તા.૧૩/૧૨ના રોજ તમામ મતદાન મથકો ખાતે સવારના ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી પદનામિત અધિકારીઓને ઉપસ્થિત રાખી હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાની સચોટ વ્યવસ્થા કરવામા આવેલ છે. જિલ્લા કલેકટરશ્રીએ વડોદરા શહેર અને જિલ્લાના નાગરિકોને આગામી રવિવારોએ તેમના ઘર નજીક ના મતદાન મથક ખાતે જઈ આ ઝુંબેશનો લાભ લઈ મતદાર યાદીમાં નામ દાખલ કરવા, નામમાં જરૂરી હોય તેવા સુધારા કરાવવા સહિતના કામો માટે લેવા ખાસ અનુરોધ કર્યો છે. યાદ રહે કે, વડોદરા શહેર અને જિલ્લામાં કરજણ વિધાનસભા બેઠક સિવાય તમામ બેઠકોના વિસ્તારોમાં આ કામગીરી ચાલી રહી છે.

# ફોટોવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ચાલી રહી છે

**તા.૨૨ નવે., તા.૨૯ નવે. અને તા.૬ તથાતા.૧૩ ડિસેમ્બરના ચાર રવિવારે મતદાન મથકો ખાતે યોજાશે ખાસ ઝૂંબેશ**

**જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી શાલિની અગ્રવાલે નાગરિકોને લાભ લેવા કર્યો ખાસ અનુરોધ...**

કમલમ દૈનિક, વડોદરા

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ફોટોવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તા.૧ જાન્યુઆરી-૨૦૨૧ની લાયકાત સંદર્ભે ફોટોવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાલમાં ચાલી રહ્યો છે. મતદારયાદી સુધારણા કાર્યક્રમ સંબંધે ખાસ ઝૂંબેશ પણ યોજવામાં આવશે.ચૂંટણી પંચ દ્વારા મંજૂર કરવામાં આવેલ સુધારણા કાર્યક્રમ મુજબ હક્ક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૯ નવેમ્બર-૨૦૨૦ થી તા.૧૫ ડિસેમ્બર-૨૦૨૦ નિયત કરવામાં આવ્યો છે. સંકલિત મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિ તા.૯ નવેમ્બર-૨૦૨૦ના રોજ કરવામાં આવી છે. રાજયમાં સમાવિષ્ટ ૧૭૪ વિધાનસભા મતદવિભાગોમાં (પેટા ચૂંટણી હેઠળના ૮ વિધાનસભા મતવિભાગો સિવાય) તા.૯ નવેમ્બર-૨૦૨૦ના રોજથી શરૂ થનાર મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે તા.૨૨ નવેમ્બર-૨૦૨૦ (રવિવાર), તા.૨૯ નવેમ્બર-૨૦૨૦ (રવિવાર), તા.૬ ડિસેમ્બર-૨૦૨૦ અને તા.૧૩ ડિસેમ્બર-૨૦૨૦ (રવિવાર)ના દિવસોએ ખાસ ઝૂંબેશ યોજવામાં આવશે.

ખાસ ઝૂંબેશના દિવસોએ સવારે ૧૦ થી સાંજે ૫ કલાક સુધી મતદાન મથક ખાતે ઉપસ્થિત રહીને હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકરવાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ડેઝીગેન્ટેડ ઓફિસર દ્વારા આ કામગીરી કરવામાં આવશે. સંબંધિત દરેક લોકેશન પર કાર્યક્રમ સંબંધી યોગ્ય બેનર પ્રદર્શિત કરવું. ખાસ ઝૂંબેશના દિવસે ડેઝીગેન્ટેડ ઓફિસર દ્વારા ફોર્મ્સ સ્વીકારવા, મુસદ્દામાંથી મતદારોની વિગતોની ચકાસણી,



બીએસએના સહયોગથી મુસદ્દાની ચકાસણી કરી, ક્ષતિ હોય તો તે શોધીને આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે. ખાસ ઝૂંબેશના પ્રત્યેક દિવસના અંતે સાંજે સુપરવાઈઝર મારફતે ઈઆરઓ-એઈઆરઓને અહેવાલ મોકલવાના રહેશે. આ દિવસે સુપરવાઈઝર દ્વારા કાર્યક્ષેત્ર હેઠળના પ્રત્યેક લોકેશન્સની સતત મુલાકાત લેતા રહીને જરૂરી દેખરેખ અને માર્ગદર્શન આપવું તથા સાંજે પ્રત્યેક ભાગનો અહેવાલ ઈઆરઓ-એઈઆરઓને રજૂ કરવા. જિલ્લા ચૂંટણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ યાદચ્છિક (Random) રીતે ડેઝીગેન્ટેડ લોકેશન્સની મુલાકાત લેવાની રહેશે. ખાસ ઝૂંબેશના દિવસે મેળવેલ ફોર્મ્સની વિગતો રાજય ચૂંટણી પંચ ગાંધીનગરને મોકલવાની રહેશે. કોવીડ-૧૯ દરમિયાન સામાન્ય-પેટા ચૂંટણી યોજવા માટેની ભારતીય ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલ વિસ્તૃત માર્ગદર્શન સૂચનાઓ અને ભારત-રાજય સરકાર દ્વારા કોવીડ-૧૯ના સંક્રમણને રોકવા બાબતે વખતોવખત બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનો ખાસ ઝૂંબેશના નિયત દિવસોમાં ચૂસ્તપણે પાલન થાય તે અંગે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં વિશેષ કાળજી લેવામાં આવશે. તા.૧ જાન્યુઆરી-૨૦૨૧ની લાયકાતના સંદર્ભે નાગરિકો મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ અને ખાસ ઝૂંબેશનો પણ લાભ લઈ શકે તે માટે ખાસ ઝૂંબેશના દિવસોમાં જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મત વિભાગના બુથ લેવલ ઓફિસર, મદદનીશ મતદાર નોંધણી અધિકારી સહિત તમામ સંબંધકર્તા અધિકારીઓ જરૂરી સૂચનાઓ મુજબ કાર્ય કરશે. આથી તમામ નાગરિકોને આ કાર્યક્રમ અને ખાસ ઝૂંબેશનો લાભ લેવા સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી અજય ભટ્ટ અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી શાલિની અગ્રવાલે એક યાદીમાં અનુરોધ કર્યો છે.

# રાષ્ટ્રના ૨૦ જિલ્લાઓમાંથી વડોદરા અને રાજકોટ ભારત સરકાર દ્વારા "સ્વચ્છ ભારત પુરષ્કાર" થી સન્માનિત

**ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જિલ્લાની ૧૨૫ ગ્રામ પંચાયતમાં ઘન કચરા નિકાલની સઘન કામગીરી અને ૧,૦૯,૦૫૪ વ્યક્તિગત શૌચાલય નિર્માણનું કાર્ય સંપન્ન**





**જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ ઝવેરીએ સ્વચ્છ ભારત પુરસ્કાર વર્ચ્યુઅલ રીતે સ્વીકાર્યો**

કમલમ દૈનિક, વડોદરા

ભારત સરકારના જળ શકિત મંત્રાલયદ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) કાર્યક્રમ શરૂ છે. આ કાર્યક્રમ હેઠળ તા.૧૭ નવેમ્બરના રોજ વિશ્વ શૌચાલય દિનની ઉજવણી કરવામાં આવે છે.સ્વચ્છતાના ક્ષેત્રે વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના અગ્રેસર રીતે કામગીરી કરી રહ્યો છે. આ ઉજવણી નિમિત્તે "સ્વચ્છ ભારત પુરષ્કાર" કાર્યક્રમ યોજાયો હતો. વડોદરા જિલ્લો "સ્વચ્છ ભારત પુરષ્કાર" થી સન્માનિત કરવામાં આવ્યો છે. વડોદરા જિલ્લામાં બાંધકામ થયેલ કુલ ૧,૦૯,૦૫૪ વ્યકિતગત શૌચાલય, સફાઈ સાધનો પૂરા પાડવામાં આવ્યા હતા. જિલ્લાની ૧૨૫ ગ્રામ પંચાયત તેમજ તે ગ્રામ પંચાયતોમાં થયેલ ઘનકચરા વ્યવસ્થાપનની કામગીરી અને કોવિડ-૧૯ હેઠળ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. આ કામગીરી કરવામાં આવી હોય તેવા જિલ્લાઓમાં થયેલ સ્વચ્છતાલક્ષી કામગીરીને પ્રોત્સાહિત કરવા વર્ચ્યુઅલ એવોર્ડ વિતરણ સમારોહ અને સરપંચ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. વડોદરા જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં શૌચાલય બાંધકામની કામગીરી, ઘન કચરા વ્યવસ્થાપનની કામગીરી, સ્વચ્છતા બાબતે પ્રચાર-પ્રસારની કામગીરી, કોવિડ-૧૯ હેઠળ જનજાગૃત્તિની કામગીરી વગેરે જેવા માપદંડોના આધારે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. ભારત સરકારના મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતની વિશેષ ઉપસ્થિતિ અને રાજયમંત્રીશ્રી રતનલાલ કટારીયા, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના સેક્રેટરીશ્રી યુ.પી. સિંઘ, મિનિસ્ટ્રી ઓફ જલ શકિતએડિશ્નલ સેક્રેટરીશ્રી અરૂણ બરોકાતથા ભારત સરકારશ્રીના વરિષ્ઠ અધિકારીશ્રીઓની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સ્વચ્છતાલક્ષી ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ વર્ચ્યુઅલ સ્વચ્છ એવોર્ડ વિતરણ સમારોહ અને સરપંચ સંવાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ ઝવેરી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બી.બી.ચૌધરીએ વર્ચ્યુઅલ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. દેશના ૨૦ જિલ્લા પૈકી ગુજરાત રાજયમાંથી વડોદરા અને રાજકોટ જિલ્લાને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા નિયામકની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028